| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ: | ૨૬/૦૯/૨૦૨૩ | | |
| દાખલ તારીખ : | ૨૬/૦૯/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ : | ૩૦/૦૪/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૭ | ૦૪ |

**જામનગરના સ્પેશ્યલ જજ તેમજ ચોથા સેશન્સ જજશ્રીની અદાલત સમક્ષ**

**સ્પેશ્યલ ઈલેકટ્રીકસીટી કેસ નં.૨૮૦/૨૦૨૩**

**આંક –૪૮**

ફરીયાદી: શ્રી ગુજરાત સરકાર,

(જામનગર જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે સેકન્ડ ગુ.ર. નં. ૨૦૬૨/૨૦૨૩ )

**વિરુધ્ધ**

આરોપી : રોશનબેન હુશેનભાઈ મુદ્દાખ મલેક
ઉ.વ. ૫૬, ધંધો: ઘરકામ
રે. આશાબાઅરની દરગાહ પાસે, છતરગામ
તા. કાલાવડ, જિ. જામનગર.

**ગુન્હો**:– ઈલેકટ્રીક સીટી એકટ , ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ

.........................................................................................

સરકાર તરફે : વિ.એ.ડી.પી.શ્રી પી.જે.પરમાર
આરોપી તરફે : વિ.વ.શ્રી એમ.ઓ ઈશાની

.........................................................................................

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદ પક્ષની ટુંકમા હકીકત એવી છે કે, ગઈ તા. ૦૨/૦૬/૨૩ ના રોજ કલાક ૦૭:૧૫ વાગ્યે છતરગામ તા. કાલાવડ માં આરોપીએ રહેણાંક મકાને વીજ મીટર ન હોય, ઘરની નજીકથી પસાર થતી હળવા દબાણની વીજ લાઇનમા પ્રાઈવેટ સર્વીસ વાયર

જોડી ઘરમા લઈ વીજ વપરાશ કરી, ચેકીંગ દરમ્યાન રૂા. ૧,૩૬,૩૨૬.૦૦પૈસાની વીજચોરી કરી પકડાઇ જઇ, ઇલકેટ્રીક સીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય, તેઓ સામે ફરીયાદ દાખલ કરવામા આવતા, તે ફરીયાદ જામનગર જી.યુ.વી.એન.એલ. ગુના રજી નં સેકન્ડ ૨૦૬૨/૨૦૨૩ થી નોંધવામા આવેલ.

(૨) સદર ગુનો નોંધાતા તપાસ કરનાર અધિકારી દવારા સદર ગુનાની તપાસ કરવામાં આવેલી અને તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા સક્ષમ અદાલત સમક્ષ ૩૧૫/૨૦૨૩ થી ચાર્જશીટ રજુ કરવામા આવેલ જે ચાર્જશીટને ફોજદારી કેસ નં. ૧૬૬૫/૨૦૨૩ મેજીસ્ટેટ કોર્ટ દવારા આપવામાં આવેલ.

(૩) હાલના ગુન્હો કાયદા અન્વયે સ્પેશ્યલ કોર્ટને ચલાવવાની હકુમત હોય જેથી વિધ્વાન કાલાવડ ના પ્રિન્સીપાલ જયુડીશ્લ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ દવારા સદર કેસ અત્રેની સ્પેશ્યલ કોર્ટ ને તા. ૨૬/૦૯/૨૦૨૩ ના હુકમથી ટ્રાન્સમીટ કરવામા આવેલ હતો અને ત્યારબાદ સદર કેસ અત્રેની અદાલત સમક્ષ સ્પેશ્યલ ઈલેક કેસ નં ૨૮૦/૨૦૨૩ થી નોંધવામા આવેલ.

(૪) આરોપી સામે અત્રેની સ્પેશયલ અદાલત દવારા આંક–૦૭ થી ત્હોમતનામુ ફરમાવવા આવેલ છે અને આંક–૦૮ થી પ્લી નોંધતા તેમા આરોપી દવારા તેઓને ગુનો કબુલ નથી તે મુજબની રજુઆત કરતા, આરોપી સામેનો કેસ આ અદાલત દવારા આગળ ચલાવવામા આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષ દવારા રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**મૌખિક પુરાવા:**

| ક્રમ નંબર | વિગત | સાહેદનુ નામ | આંક |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | સિંકદર અબ્દુલભાઈ મુદ્રાખ | ૧૨ |
| ૨. | પંચ સાહેદ | માહીરભાઈ જમનભાઈ | ૧૪ |
| ૩. | ઈલે. આસીસટન્ટ | ગીરધરભાઈ બેચરભાઈ | ૧૭ |
| ૪. | નાયબ ઈજનેર | દિલીપભાઈ હરસુખભાઈ | ૨૪ |
| ૫. | જુનીયર ઈજનેર | જયંતકુમાર જવાહરલાલ | ૩૩ |
| ૬. | પી.એસ.આઈ | મધુબાળા કેશવગર | ૩૫ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્થાનિક જગ્યાનુ પંચનામુ | ૧૩ |
| ૨. | ચેકીંગશીટ, સ્થળ રોજકામ, એનેક્ષર-૪ તથા ગેટ પાસ | ૧૮ થી ૨૧ |
| ૩. | લેખિત ફરીયાદ | ૨૫ |
| ૪ | કેલ્કયુલેશન શીટ | ૨૬ |
| ૫ | વીજચોરીનુ બીલ તથા કમ્પાઉન્ડીંગ બીલ | ૨૭,૨૮ |
| ૬. | વીજચોરીના બીલનો ફોરવર્ડીંગ પત્ર | ૨૯ |
| ૭ | ડેલીગેશન ઓફ પાવરનો સરકયુલર | ૩૦ |
| ૮ | ફોટોગ્રાફી અંગેનુ પ્રમાણપત્ર | ૩૧ |
| ૯ | ચેકીંગવાળી જગ્યાની ડી.વી.ડી. | ૩૨ |
| ૧૦ | આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, રેશનકાર્ડ, સોગંદનામાની નકલ, | ૩૬થી ૩૯ |
| ૧૧ | એફ.આઈ.આર, તથા ડેપ્યુટનો હુકમ | ૪૦,૪૧ |
| ૧૨ | વીજચોરીની નોટીસ તથા સી.આર.પી.સી. ની કલમ-૪૧(ક) ની નોટીસ | ૪૨,૪૩ |
| ૧૩ | કલોઝીંગ પુરસીસ | ૪૪ |

(૬) ત્યારબાદ આરોપીનુ વિશેષ નિવેદન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે નોંધવામાં આવેલુ. જેમા તેઓએ રજુઆત

કરેલ છે કે, "અમારા પર ખોટી ફરીયાદ કરેલ છે, અમો નિર્દોષ છીએ."તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર જુબાની આપવી નથી તેવુ જણાવેલ છે. ત્યારબાદ આ કામે પક્ષકારના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

(૭) આ કામે વિ. એ.પી.પી.શ્રી  પી.જે.પરમાર દવારા મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ સંબધે પુરાવો રજુ કરીપોતાન કેસ નિ:શંકપણે સાબિત કરેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એમ.ઓ.ઈશાની ધ્રારા દલીલ કરતા જણાવે છે કે ઉપરોકત દલીલના વિરુધ્ધમા ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ સંબધેપુરાવા રજુ કરી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ ન હોય, આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો, રજુ થયેલરેકર્ડ ધ્યાને લેતાં, નીચેમુજબના મુદાઅના નિર્ણય કરવાના રહે છે.

**– :: મુદ્દાઓ ::–**

(૧) શું ફરીયાદ પક્ષ નિસ્શંકપણે સાબિત કરે છે કે, ગઈ ૦૨/૦૬/૨૩ ના રોજ કલાક ૭:૧૫ વાગ્યે છતર ગામે આરોપીએ પોતાના રહેણાંક મકાને વીજ મીટર ન હોય, ઘરની નજીકથી પસાર થતી હળવા દબાણની વીજ લાઈનમા પ્રાઈવેટ સર્વીસ વાયર જોડી ઘરમા લઈ વીજ વપરાશ કરી, રૂા. ૧,૩૬,૩૨૬.૦૦પૈસાની વીજચોરી કરી ચેકીંગ દરમ્યાન પકડાઈ જઈ, ઈલેકટ્રીક સીટી

એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબન ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ

<u>**મુદ્દા નં. ૧–૨ ની ચર્ચા:**</u>–

(૯) આ કામે ફરીયાદ પક્ષે જુનીયર ઈજનેર જયંતકુમાર જવાહરલાલ સંઘવી નાઓને આંક–૩૩ થી તપાસેલા છે. તેઓ પોતાની ઉલટ–તપાસમા ચેકીંગમા જતા પહેલા કોઈ ઉપરી અધિકારીની મંજુરી લીધેલ નથી પરંતુ સ્વેચ્છાએ જણાવે છે કે, અમારા ઉપરી અધિકારી પાસે ફરીયાદ આવેલ હોય અને તેમની સુચનાથી અમો ચેકીંગ કરવા ગયેલા. વધુમાં તેઓ ઉલટતપાસમા સ્વીકાર કરે છે કે, અમારા ઉપરી અધિકારીએ અમને કોઈ સુચના આપેલ હોય તેવી કોઈ નોંધ ચેકીંગ શીટ સાથે રજુ કરેલ નથી. આ સંદર્ભમા, ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ– ૧૩૫ (૨) ધ્યાને લેવામાં આવે તે માત્ર અધિકૃત અધિકારી ચેકીંગની કાર્યવાહી કરી શકે છે તેવુ જણાય આવે છે. આ કામે સદરહુ સાહેદનાઓને ચેકીંગ અને ઈન્સપેકશન કરવા કોઈ અધિકાર મળેલ હોય તેવુ ફરીયાદ પક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ નથી. જેથી આ કામે સદરહુ સાહેદ દવારા કરવામા આવેલ ચેકીંગ અને ઈન્સપેકશન બિન અધિકૃત બને છે. વધુમા, સદરહુ સાહેદ સ્વીકાર કરે છે કે, મારા સ્ટાફના માણસો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદની હાજરીમાં સ્થળ રોજકામ કરેલ નથી. આમ, આ કામે સદરહુ સાહેદે ચેકીંગ અને ઈન્સપેકશનની કાર્યવાહી કોઈ

સ્વતંત્ર સાહેદની હાજરીમા કરેલ નથી જેથી ઈલેકટ્રીક સીટી એકટની કલમ–૧૩૫ (૪) તથા ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૧૦૦ અને ૧૦૨ મુજબના જોગવાઈનુ પાલન થયેલ હોય તેવુ જણાય આવતુ નથી. વધુમા સદર સાહેદે સ્વીકાર કરેલ છે કે, અમોએ કબજે કરેલ મુદામાલ પોલીસને સોપેલ નથી. વુધમાં, આ કામે તપાસ કરનાર અમલદાર મધુબાળા કેશવગર અપારનાથી ના એ પણ સ્વીકાર કરેલ છે કે, કહેવાતો મુદામાલ વાયર રજુ કરેલ નથી. આમ, આ કામે બનાવમા કહેવાતો મુદામાલ વાયરનો વપરાશ થયેલ છે કે કેમ તે બાબતે પણ ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉદભવે છે.

(૧૦) અગાઉ ઉલ્લેખ થયેલ છે આ કામે આંક–૩૩ થી જયંતકુમાર જવાહરલાલ સંઘવી જુનીયર ઇજનેર નાઓએ સ્વીકારેલ છે કે, મારા સ્ટાફના માણસો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોની હાજરીમા સ્થળ રોજકામ કરેલ નહી. State of Gujarat Versus Jayantibhai Jivanbhai Gohil 2023 (0) AIJEL-HC 244923 ના ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટ દાવરા ઠરાવવામા આવેલ છે કે, જયારે વીજ કંપની દવારા આરોપી સામે વીજ ચોરીનો આક્ષેપ કરવામા આવે અને ચેકીંગ હાથ ધરવામા આવે, ત્યારે મીટર અને વાયરની સ્થિતિ શુ છે અને આરોપી દવારા કેવી રીતે વીજની ચોરી કરવામા આવેલી તે અંગેની સ્પષ્ટતા થવા પંચનામુ થવુ જરુરી છે. આ કામે જે પંચનામુ થયેલુ છે તે બનાવવાળી જગ્યાનુ પંચનામુ થયેલ છે અને મીટર અને વાયરનુ કોઈ પંચનામુ થયેલ નથી. આ રીતે પણ ફરીયાદ પક્ષના કેસમા શંકા ઉદભવે છે.

(૧૧) વધુમા, સદર સાહેદ સ્વીકાર કરે છે કે, અમોએ ચેકીંગવાળા સ્થળેથી આરોપીની જગ્યાની કોઇ માલિકી બાબતેના રેવન્યુ રેકર્ડ કબજે કરેલ નથી. આ કામે ફરીયાદી દિલીપભાઇ હરસુખભાઇ ભેડા નાઓએ પણ સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની માલિકી સંબધે કોઇ પુરાવા આ કામે રજુ કરેલ નથી. તે રીતે તપાસ કરનાર અમલદાર મધુબાળા કેશવગર અપારનાથી નાઓએ પણ મારી તપાસ દરમ્યાન કહેવાતી ચેકીંગવાળી જગ્યાના આરોપીના માલિકી અંગેના રેવન્યુ રેકર્ડ કબજે કરેલા નથી તેમ સ્વીકાર કરે છે. વધુમાં આ કામે જયંતકુમાર જવાહરલાલ સંઘવી તથા ગીરધરભાઇ બેચરભાઇ પરમાર નાઓએ પોતાની જુબાનીમાં બનાવવાળી જગ્યા કાલાવડ સબ ડીવીઝન હેઠળ આવતા વિસ્તાર છતર ગામે આરોપીનુ મકાન આવેલ હોવાનુ જણાવેલ છે. આ સંર્દભમા તપાસ કરનાર અમલદાર નાઓએ આંક-૩૬ થી આંક-૩૯ સુધી આરોપીના આધાર કાર્ડ, ચુંટણીકાર્ડ, રેશનકાર્ડ તેમજ સોગંદનામાની નકલ રજુ રાખેલ છે. જેના આધારે ફરીયાદ પક્ષ બનાવવાળી જગ્યા આરોપીના કબજા ભોગવટામા છે તે પુરવાર કરવા પ્રયાસ કરેલ છે.જે જોતા આંક-૩૬ ના આધાર કાર્ડમા આરોપીનુ સરનામુ છતર જામનગર, છતર ગુજરાત લખેલુ છે અને આંક-૩૮ ના રેશનકાર્ડમાં આરોપીનુ સરનામુ મુ. છતર, ગામ, કાલાવડ, જામનગર લખેલુ છે. જે સરનામુ અધુરુ જણાય છે. વધુમાં, આંક-૩૭ ના ચુંટણીકાર્ડમા આરોપીનુ સરનામુ ૧૩૩, છતર-૧, કાલાવડ, જામનગર લખેલુ છે. જે મુજબનુ સરનામુ ફરીયાદ પક્ષના સાહેદો એ પોતાની જુબાનીમા જણાવેલ નથી. વધુમાં, આંક-૩૯ થી આરોપીનુ સોગંદનામુ રજુ છે જે

પુરાવામા ગ્રાહય રાખી શકાય નહી. આમ, ઉપરોકત દસ્તાવેજી પુરાવાથી ફરીયાદ પક્ષને કોઈ મદદ મળી શકે તેમ નથી. વધુમા, આ કામે બનાવવાળી જગ્યાનુ પંચનામુ ધ્યાને લેતા તેમા બનાવવાળી જગ્યા છતર ગામે આશાબાપીરની દરગાહ નજીક, આરોપીનુ મકાન આવેલ હોવાનુ જણાવેલ છે. જે મુજબનુ સરનામુ પણ ફરીયાદ પક્ષના સાહેદોએ પોતાની જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં, આ કામે ફરીયાદ પક્ષે કોઈ સ્વતંત્ર સાહેદ તપાસેલા નથી. આ રીતે બનાવવાળી જગ્યા આરોપીના સતત કબજા ભોગવટામાં હતી તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ રાખવા સફળ થયેલા નથી. વધુમાં, આ કામે કહેવાતો બનાવ તા. ૦૨-૦૬-૨૦૨૩ ના રોજ બનેલ છે જયારે બનાવવાળી જગ્યાનુ પંચનામુ ૧૨-૦૮-૨૦૨૩ના રોજ થયેલ છે. તે રીતે કહેવાતો બનાવ તા. ૦૨-૦૬-૨૦૨૩ ના રોજ બનેલ છે જયારે આ કામે ચાૃર્જશીટ ૨૦૨૩ મા કરવામાં આવેલ છે જે અંગે ફરીયાદ પક્ષે સદરહુ કામે ર્ચાજશીટ કરવામાં વિલંબના કોઈ કારણો જણાવેલા નથી. વધુમાં, બનાવવાળી જગ્યાનુ પંચનામુ ચેકીંગ અધિકારી કે સ્ટાફની હાજરીમાં થયેલો હોય તેમ જણાતુ નથી. પરંતુ આરોપીની હાજરીમાં થયેલ હોવાનુ જણાય છે અને આ કામના બંને પંચ સાહેદો સિંકદર અબ્દુલભાઈ મુદ્રાખ તથા માહીર જમનભાઈ પંચાલ નાઓએ બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેમની હાજરીમાં થયેલ છે તેવો કોઈ પુરાવો આપેલ નથી. આ તમામ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ તે હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ નથી કે બનાવવાળી જગ્યા આરોપીના કબજા ભોગવટામા હતી. વધુમાં, ફરીયાદ પક્ષે આંક-૩૧ થી ફોટોગ્રાફી અંગેનુ પ્રમાણપત્ર રજુ કરેલ છે

પરંતુ અગાઉ ચર્ચા થયેલ છે તે મુજબ જયારે ફરીયાદ પક્ષે બનાવવાળી જગ્યા આરોપીના કબજા ભોગવટામા છે તે પુરવાર કરવામા સફળ થયેલ ન હોય ત્યારે આંક-૩૧ વાળા ફોટોગ્રાફી અંગેનુ પ્રમાણપત્ર થી પણ ફરીયાદ પક્ષને કોઈ મદદ મળી શકે તેમ નથી.

(૧૨) આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા ફરીયાદ પક્ષે આરોપી સામે આક્ષેપ મુજબનો ગુનો પુરવાર કરવા સફળ થયેલ ન હોય મુદા નં ૧ નો જવાબ નકારમા આપી, મુદા નં ૨ ના જવાબમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::- હુ ક મ ::-**

૧) આ કામના આરોપી રોશનબેન હુશેનભાઈ મુદ્રાખ મલેક, ગામ, છતર, તા. કાલાવડ, જિ. જામનગર નાઓને ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આરોપીએ ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭-એ મુજબના રૂા. ૧૦,૦૦૦/- ના જામીન તથા જાત મુચરકા છ માસના રજુ કરવા.

આ હુકમ આજરોજ તા. ૩૦ મી માહે એપ્રિલ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર. શામનાથ ચંદ્રમોહન વેમુલા

તા. ૩૦/૦૪/૨૦૨૬ ચોથા સ્પેશ્યલ જજ અને સેશન્સ જજ,

ટી.એ.દવે **જામનગર, કોડ નં. જી.જે.૦૦૮૧૮**